# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2558 ❖ અશ્વિન પૂર્ણિમા ❖ 27 ઓક્ટોબર 2015 ❖ વર્ષ – 16 ❖ અંક – 7 ❖ સળંગ અંક - 187


## ધમ્મવાણી

**एकं धम्मं अतीतस्स, मुसावादिस्स जन्तुनो ।**
**वितिण्ण परलोकस्स, नत्थि पापं अकारियं ।।**
**धम्मपद – १७६**

એક ધર્મ (સત્ય) નું અતિક્રમણ કરીને જે જુઠું બોલે છે, એ, પરલોકની ચિંતા ન કરવાવાળી વ્યક્તિને માટે કોઇ પાપ એવું નથી રહેતું, જે એ ન કરી શકે.

## શીલની પરિશુદ્ધતા

(ઝી–ટીવી પર ચુંમાળીસ કડીઓમાં પ્રસારિત પૂજય ગુરુજી શ્રી સત્યનારાયણજી ગોયન્કાનાં પ્રવચનોની દસમી કડી)

શીલ, સમાધિ, પ્રજ્ઞા ; શીલ, સમાધિ પ્રજ્ઞા. આમાં આખો ધર્મ સમાઇ ગયો. ધર્મની પરિભાષા પૂર્ણતઃ સમાઇ ગઇ. ધર્મની પરિશુધ્ધતા સમાઇ ગઇ. શીલનું પાલન કરીએ, એટલે કે સદાચારનું જીવન જીવીએ અને સદાચારનું જીવન જીવવાને માટે સમાધિનો અભ્યાસ કરીએ એટલે કે મનના માલિક બની જવાનો અભ્યાસ કરીએ અને એટલું જ નહિ, અંતર્મનના ઊંડાણમાં જે વિકારોનો સંચય કરી રાખ્યો છે એને બહાર કાઢી નાખીએ, જેથી સ્વાભાવિક જ, વિના પ્રયત્ને, જબરદસ્તી વિના સદાચાર જીવનનું અંગ બની જાય. ચિત્ત નિર્મળ બની જાય. પોતાના ભીતરમાં એવી પ્રજ્ઞા જગાવીએ કે, બધા વિકારોને કાઢીને ફેંકી દે. સદાચારનું જીવન જીવવું, મનને વશમાં કરવું, મનને નિતાંત નિર્મળ કરવું, આ કોઇ એક સંપ્રદાયનો ધર્મ નથી, કોઇ એક સમુદાયનો ધર્મ નથી. કોઇ એક જાતિ–વર્ણ–ગોત્રનો ધર્મ નથી. અરે, બધાનો ધર્મ છે. આ જ તો ધર્મ છે. કોઇ પણ પરંપરાની વ્યક્તિ હોય, એની સાથે ધર્મની વાત કરીએ, પૂછીએ – ‘‘તું સદાચારના જીવનને સારું માને છે કે નહીં ? તું ચિત્તને નિતાંત નિર્મળ કરી દેનારી કોઇ વિદ્યાના ઉપયોગને સારો માને છે કે નહીં ?’’ કોણ ના કહેશે ? બધાં સ્વીકાર કરશે. આ અભિન્ન છે, બધાનો(ધર્મ) છે.

તો જે બધાનો છે, તે ધર્મ છે. કોઇ પોતાને ભલે ગમે તે નામે બોલાવે, કશો ફરક નથી પડતો. શીલવાન બને સમાધિવાન બને. પ્રજ્ઞાવન બને, તો ધાર્મિક થઇ ગયો. હિન્દુ હોય તો સારો હિન્દુ થઇ ગયો. બૌદ્ધ હોય તો સારો બૌદ્ધ થઇ ગયો. જૈન હોય તો સારો જૈન થઇ ગયો. ખ્રિસ્તી હોય તો સારો ખ્રિસ્તી થઇ ગયો. મુસલમાન હોય તો સારો મુસલમાન થઇ ગયો. પારસી હોય તો સારો પારસી થઇ ગયો. યહૂદી હોય તો સારો યહૂદી થઇ ગયો. અરે, સારો માણસ બની તો ગયો ને ! ધર્મ આપણને સારા માણસ બનાવે છે, નેક ઇન્સાન બનાવે છે. પછી ભલે જે નામે આપણને બોલાવીએ, આ નામોમાં શું છે ? ધર્મ જીવનમાં ઊતરે, શીલ, સમાધિ, પ્રજ્ઞા જીવનમાં ઊતરે. આ જ શીલને, સમાધિને, પ્રજ્ઞાને જરા વધુ વિવરણ સાથે સમજાવ્યાં અને જે આ આખો માર્ગ–જેના પર ચાલીને કોઇ વ્યક્તિ શીલમાં પુષ્ટ થાય છે, સમાધિમાં પુષ્ટ થાય છે. પ્રજ્ઞામાં પુષ્ટ થાય છે અને એ દિવસોની ભાષામાં કહેતા – **अरियो अट्ठङ्गिको मग्गो. अरियो** એટલે આર્ય, **अट्ठङ्गिको मग्गो** એટલે આઠ અંગ વાળો માર્ગ આર્ય આષ્ટાંગિક માર્ગ.

‘આર્ય’ શું હોય છે ? ૨૫૦૦ વર્ષ બહુ લાંબો સમય હોય છે. ૨૫૦૦ વર્ષમાં ભાષા બદલાઇ જાય છે, ભાષાના શબ્દ બદલાઇ જાય છે. આજે તો આર્ય જાતિવાચક શબ્દ થઇ ગયો. એ દિવસોની ભારતની ભાષામાં આ જાતિવાચક નહિ, ગુણવાચક શબ્દ હતો. કોને ‘આર્ય’કહેતા ? જે સંત થઇ ગયો, નિર્મળચિત્ત થઇ ગયો, શુદ્ધ–ચિત્ત થઇ ગયો, સજ્જન થઇ ગયો, સત્યપુરૂષ થઇ ગયો – આવી વ્યક્તિ આર્ય કહેવાતી. ધર્મને રસ્તે ચાલતાં ચાલતાં શીલમાં, સમાધિમાં, પ્રજ્ઞામાં એટલી પુષ્ટ થઇ ગઇ કે ચિત્ત નિતાંત નિર્મળ થયું અને જીવન ધર્મમય થઇ ગયું. આવી વ્યક્તિ કોઇ બુરું કામ કરી જ નથી શકતી. એવું કોઇ કામ કરી જ નથી શકતી, જેથી અન્ય પ્રાણીઓનાં સુખ–શાંતિનો ભંગ થાય, અન્ય પ્રાણીઓનું અહિત થાય, અમંગલ થાય. એવું કામ કરી જ નથી શક્તિ. હવે જે કરશે(તે) પોતાના તથા બીજાના કામ જ કરશે, કલ્યાણ અને કલ્યાણનું જ કામ કરશે. આવી વ્યક્તિ ‘આર્ય’ કહેવાશે.

આજે એને જાતિવાચક અર્થમાં લે છે. અને એનો અર્થ કરે છે તો આર્ય એને કહે છે જે ગોરા–ઊજળા રંગનો હોય, જેનું લાંબું નાક હોય, મોટી મોટી આંખો હોય, લાંબો માણસ હોય – તો આર્ય જાતિનો છે. કોઇ કાળા રંગનો હોય, વાંકડિયા વાળ હોય, મોટા હોઠ હોય તો કહે – આ હબસી જાતિનો છે. કોઇનો રંગ પીળો હોય, આંખો ઝીણી ઝીણા, નાક ચિબું હોય તો કહે – આ મોંગોલિયન જાતિનો છે. તો આ આર્ય શબ્દ આજે જાતિવાચક થઇ ગયો એ દિવસોની ભાષામાં આની સાથે કોઇ લેવા – દેવા નહોતી. કોઇ ગોરા રંગનો હોય કે કાળા રંગનો, લાંબા નાકવાળો હોય કે ચિબા નાકવાળો હોય કે ચિબા નાકવાળો, મોટી આંખોવાળો હોય કે ઝીણી આંખો વાળો, કોઇ ફરક નથી પડતો.

જે વ્યક્તિ ધર્મને રસ્તે ચાલતાં ચાલતાં શીલ, સમાધિ, પ્રજ્ઞામાં પુષ્ટ થઇ ગઇ, નિર્મલ–ચિત્ત થઇ ગઇ, સંત થઇ ગઇ, તે જ આર્ય થઇ ગઇ અને જો એવી ન થઇ, ખોટા રસ્તે ચાલી રહી છે, ધર્મના રસ્તે નથી ચાલી રહી, પોતાનું પણ અમંગલ કરે છે બીજાનું પણ અમંગલ કરે છે – અરે એ અનાર્ય જ છે. ભલે એનો રંગ ગોરો હોય, ભલે એનું નાક લાંબું હોય, ભલે એની આંખો મોટી હોય, કોઇ ફરક નથી પડતો. એ આર્ય જ છે. એ દિવસોની ભાષામાં કહેવાતું – **हीनो गम्मो पोथुज्जनिको, अनरियो अनत्थसंहितो** – બહુ હીન છે, નકામો (ગામનો ઉતાર) છે, બહુ ગમાર છે, બહુ પૃથક્જન છે પૃથક્ પડી ગયો – ધર્મના રાજમાર્ગને છોડીને અંધારી ગલીઓમાં ભટકવા લાગ્યો. પૃથક્ થઇ ગયો. ધર્મથી **अनत्थसंहितो** અનર્થને અનર્થનો જ સંગ્રહ કરે છે. પોતાને માટે પણ અનર્થને અનર્થ જ, બીજાને માટે પણ અનર્થને અનર્થ જ – આવી વ્યક્તિ એ દિવસોની ભાષામાં **अनरियो** કહેવાતી. પાછલાં ૨૫૦૦ વર્ષોમાં આ **अनरियो** શબ્દનો અપભ્રંશ થતાં થતાં આજની હિન્દીમાં એ **अनाडी** થઇ ગયો.

અરે, **अनाडी** જ છે ભાઇ ! જે પોતાનું પણ અમંગલ કરે છે, બીજાનું પણ અમંગલ કરે છે. પોતાની સુખ – શાંતિનો પણ ભંગ કરે છે,

બીજાની સુખ – શાંતિનો પણ ભંગ કરે છે. બિચારાને સમજ નથી, બહુ અણસમજુ છે, તો **અનાડી** જ છે. **અનાડી** ન રહે, હોશ આવી જાય, સમજદાર થઇ જાય તો ધર્મના રસ્તે ચાલતાં ચાલતાં પોતાનું પણ કલ્યાણ સાધવા લાગે, બીજાનું પણ કલ્યાણ સાધવા લાગે, પોતાને માટે પણ સુખ – શાંતિનું નિર્માણ કરવા લાગે, બીજાને માટે પણ સુખ–શાંતિનું નિર્માણ કરવા લાગે – ત્યારે આર્ય બનવાના રસ્તા પર ચાલી નીકળ્યો. આ માર્ગ જે દરેક અનાર્યને આર્ય બનાવી દે – એટલે આર્યમાર્ગ કહેવાયો, આર્યધર્મ કહેવાયો. આ આઠ અંગોવાળો છે કે જે શીલ, સમાધિ, પ્રજ્ઞા આ ત્રણ ભાગોમાં વહેંચાયેલો છે. 'શીલ' ની અંતર્ગત આ આર્યમાર્ગના ત્રણ હિસ્સા આવ્યા **सम्मावाचा**, **सम्माकम्मन्तो**, **सम्माआजीवो**.

**सम्मावाचा** એટલે સમ્યક્ વચન. સમ્યક્ એટલે જે સાચું છે, સત્ય છે, કલ્યાણકારી છે અને જે સ્વયં પોતાના અનુભવ પર ઊતર્યું છે. ધર્મ બહુ જ કલ્યાણકારી છે, પણ એવું પુસ્તકો કહે છે, અમારા ગુરુ મહારાજ કહે છે, અથવા વાણીમાં સાંભળ્યું છે, આ કે પેલા પુસ્તકમાં વાંચ્યું છે, પણ જીવનમાં તો ન ઊતર્યું ને ! તો સમ્યક્ ન થયું, વાણી સાચી છે, સ્વયં પોતાની અનુભૂતિ પરે ઊતરી રહી છે – સાચેસાચ જીવનમાં ઊતરી રહી છે, ત્યારે વાણી સમ્યક્ થઇ. શી સમ્યક્ વાણી ? એ વાણી જેનાથી આપણે કોઇ પણ અન્ય વ્યક્તિની હાનિ નહિ કરીએ. કોઇ અન્ય વ્યક્તિની સુખ–શાંતિનો ભંગ નહિ કરીએ. એક જ માપદંડ ધર્મનો એક જ માપદંડ, આપણે જૂઠું બોલીને કોઇને ઠગવાનું કામ નહિ કરીએ. આપણે કોઇ કડવી વાત બોલીને કોઇનું મન દુઃખાવવાનું કામ નહિ કરીએ. પરનિંદાની વાત, ચુગલીની વાત, લોકોને પરસ્પર લડાવી દેવાની વાત કહીને આપણે કોઇની હાનિ નહિ કરીએ. બસ, આનાથી બચીએ તો વાણી સમ્યક્ ને સમ્યક્ જ, શુદ્ધને શુદ્ધ જ અને પછી તપાસતો રહે કે એવી વાણી મારા જીવનમાં ઊતરી રહી છે ને ! હું સાચેસાચ **सम्मावाचा**, સમ્યક્ વાણીનું પાલન કરી રહ્યો છું ને ! ત્યારે સમ્યક્ અન્યથા પાછી પોથીઓવાળી, પાછી ગુરૂ મહારાજ વાળી નકામી વાત થઇ ગઇ. સુધી આપણા જીવનમાં ન ઊતરી, આપણને એનો લાભ ન મળ્યો, ત્યાં સુધી **सम्मावाचा** ન થઇ.

**सम्माकम्मन्तो** એટલે સમ્યક્ કર્માન્ત. કોને કર્માંત કહીએ ? હરેક કર્મ પહેલા મનમાં જાગે છે, આગળ વધે છે તો વાણી પર ઊતરે છે અને વધુ આગળ વધે છે તો શરીર પર ઊતરે છે. એ શરીર પર ઊતરે છે ત્યારે કર્મોનો અંત. એટલે શારીરિક કર્મને કર્માંત કહ્યું. તો, એ પણ સમ્યક્ હોય, સાચું હોય, ઠીક હોય. એવું ન હોય જેથી બીજાની હાનિ થતી હોય, બીજાંની સુખ–શાંતિ ભંગ થતી હોય, બીજાંનું અમંગલ થતું હોય, આવું ન થવું જોઇએ અને વળી એવું નથયું. એ પોતાના જીવનમાં પણ ઊતરે, એ સમ્યક્ કર્માંત પોતાની અનૂભૂતિમાં પણ ઊતરે. હું સમ્યક કર્માંતનું જીવન જીવી રહ્યો છું ? એટલે, હું હત્યા નથી કરતો, હું ચોરી નથી કરતો, હું વ્યભિચાર નથી કરતો, હું કોઇ નશીલા પદાર્થનું સેવન નથી કરતો. આમ પોતાના અનુભવમાં જોઇ રહ્યો છે. નથી કરતો, બિલકુલ નથી કરતો, નથી કરતો, તો સમ્યક્ થયું. ધારણ કરવા લાગ્યો સાચું છે અને સ્વયં ધારણ કર્યુ છે તો સમ્યક્ કર્માંત થઇ ગયું.

શીલનું ત્રીજું અંગ **सम्माआजीवो** હરેક વ્યક્તિની કોઇને કોઇ આજીવિકા હોય છે. જે ગૃહસ્થ છે એમણે તો પોતાની આજીવિકાના આધાર પર જ જીવવાનું હોય છે અને જે ગૃહત્યાગી છે, એમની પણ આજીવિકા છે. ક્યાંકને ક્યાંકથી ભરણપોષણને માટે અન્ન–વસ્ત્ર મળે છે. તો ક્યા પ્રકારે મળે છે ? કોઇને દગો દઇને તો નથી લેતા ને ? કોઇને ભ્રાંતિમાં નાંખીને તો નથી લેતા ને ? એમણે (ગૃહત્યાગીએ) પોતાની વાત જોવાની છે. ગૃહસ્થોએ પોતાની વાત જોવાની છે કે મારી જે આજીવિકા છે, જે રસ્તેથી મારા ઘરમાં આવે છે, જે કામથી રોજીથી, ધંધાથી, વ્યવસાયથી મારા ઘરમાં ધન આવે છે એ કેવું છે ? શું એનાથી અન્ય પ્રાણીઓની હાનિ થાય છે ? અન્ય પ્રાણીઓનું અમંગલ થાય છે ? અન્ય પ્રાણીઓની સુખ–શાંતિ ભંગ થાય છે ? શું હું એવું કામ તો નથી કરવા લાગ્યો ને કે જેને લીધે અન્ય પ્રાણી ખોટે રસ્તે ચાલ્યાં જાય ; તેઓ સદાચારનું જીવન ન જીવે, દુરાચારના જીવનમાં પડી જાય ? તો નહિ, એવી આજીવિકા મારા કામની નથી. ભલે મને પોતાને અંધારામાં રાખું કે હું તો કોઇ હત્યા નથી કરતો ઠીક વાત છે. તું હત્યા નથી કરતો પણ ધંધો કેવો કરે છે ? શો રોજગાર છે તારો ? જો હું બંદૂકોનો ધંધો કરતો હોઉં, ક્યાંક – ક્યાંકથી તસ્કરી(ચોરી) કરીને એ.કે. ૪૭ મગાવી લેતો હોઉં, લોકોમાં વહેંચતો હોઉં, કરે ને મારવાનું કામ તેઓ કરે, આપણે થોડા જ કરીએ છીએ ! લોકોને હથિયાર વેચું છું, દારૂગોળો વેચું અને કહું છું, હું તો બહુ ધર્મવાન છું ! અરે, નહિ, તારી આજીવિકા ગંદી છે ને ! તું લોકોને શીલ – સદાચારનું જીવન જીવવમાં બાધક બની રહ્યો છે. અમને પોતાનું શીલ ભંગ કરવામાં તું સહાયક બની રહ્યો છે ? ખોટી આજીવિકા થઇ.

એક વ્યક્તિ કહે, ''હું તો હત્યા નથી કરતો, કોઇ પશુની હત્યા નથી કરતો પણ ગાય પાળું છું, ઘેંટા–બકરાં પાળું છું અને એને ખૂબ સારું ખવડાવી પીવડાવીને તાજાં–માજાં કરું છું અને કસાઇને વેચી દઉં છું. સારી કિંમત મળે છે તો હું શું કરું ?'' અરે, ક્યાં સારી આજીવિકા થઇરે ! ? હું કોઇ નશાનું સેવન કરતો નથી પણ નશાનો ધંધો કરું છું, શરાબનો ધંધો કરું છું, અફીણનો ધંધો કરું છું, ગાંજાનો ધંધો કરું છું. જે મારી પાસેથી લઇ જાય એ પોતાનું શીલ ભંગ કરે. અરે, તો કેવી આજીવિકા થઇ રે ?? હું વિષનો ધંધો કરું છું, જે લઇ જાય. (એ) કોકને મારે તો, પોતાને તપાસીને જોઇએ કે જે ધંધાથી, વ્યવસાયથી, રોજગારીથી મારા ઘરમાં ધન આવી રહ્યું છે એ બીજા લોકોને ખોટે રસ્તે જવામાં ક્યાંક સહાયક તો નથી બની રહ્યું ? બની રહ્યું હોય તો આજીવિકા સમ્યક્ નથી. બિલકુલ નથી.

ઘણી આજીવિકા ઉપર–ઉપરથી જોતાં એવું લાગે છે કે બહુ સમ્યક્ છે અને સાચેસાચ સમ્યક્ છે, પણ એની સાથોસાથ એક વાત એ પણ જોવાની હોય છે કે એ આજીવિકાનું કામ કરનાર એ વ્યવસાયનું કામ કરનાર, એ રોજીનું કામ કરનારના ચિત્તની ચેતના કેવી છે ? જો એના ચિત્તની ચેતના દૂષિત હોય તો, કરેલું કામ પણ ઉપર ઉપરથી એમ લાગે કે આ કામ બહુ સારું છે, પણ દૂષિત થઇ જશે, સમ્યક્ નહિ રહે. આજીવિકાની પાછળ ચિત્તની ચેતના કેવી છે ?

મારા જીવનની એક ઘટના : લગભગ ૪૦–૪૫ વર્ષ થયા હશે, એ દિવસોની વાત છે. જ્યારે શુદ્ધ ધર્મ શું હોય છે એનું નામ પણ નહોતું સાંભળ્યું. અંતર્મુખ થઇને પોતાની જાતને જોવાની વિદ્યા જ કદી નહોતી શીખી. ઘરમાં કોઇ બીમાર પડયું. અમારા જે ફેમિલી ડોક્ટર હતા એ ક્યાંક રજા પર પર ગયા હતા કોઇ બીજા ડોક્ટને બોલાવવા ગયો. જાણતો હતો કે એ (ડોક્ટર) બહુ વ્યસ્ત છે. કદાચ ઘરે ન આવે. પણ સંયોગ એવો થયો કે જ્યારે અને ત્યાં ગયો એ બેઠા બેઠા માખી મારતા હતા, એની પાસે કોઇ દર્દી નહીં, કોઇ રોગી નહીં. તો એમ જ ઉત્સુક્તાવશ પૂછી લીધું – ડોક્ટર સાહેબ, આપને ત્યાં તો રોજ બહુ ભીડ રહે છે. શી વાત છે આજે, કોઇ રોગી નથી ? તો બહુ ઉદાસ ચહેરે કહે છે. – ભાઇ, શું કરીએ આ મોસમમાં તો શહેરમાં કોઇને કોઇ બીમારી ફેલાય જ છે. આ સાલ શું થઇ ગયું, ખબર નહીં. કોઇ બીમારી ફેલાઇ જ નહીં. આ સાંભળીને મારા મોંમાં જાણે કડવાશ આવી ગઇ. અરે આ ડોક્ટર જે ઇચ્છે છે કે લોકો બીમાર થાય, કેવો ડોક્ટર છે ? લોકોનું ખરાબ ઇચ્છે છે ? ખૂબ ખરાબ લાગ્યું.

સમય જતાં આ કલ્યાણકારી વિદ્યા મળી શુદ્ધ ધર્મ મળ્યો. પહેલાં તો ધર્મના નામે એવા પાખંડોમાં પડયા હતા. ધારણ કરવો તો દૂર, ધર્મ શું હોય છે એ સમજ્યા જ નહોતા. જ્યારે શુદ્ધ ધર્મ મળ્યો અને ભીતર જોવા લાગ્યો ત્યારે પોતાના બારામાં પણ સચ્ચાઇઓ ઊભરી ઊભરીને સામે આવવા લાગી. હું એ સમયે એક વ્યાપારી હતો. વ્યાપારીના ઘરમાં જન્મ્યો, વ્યાપારનો વ્યવસાય કરી રહ્યો હતો તો વ્યાપારીઓની મનોવૃત્તિને ખૂબ સમજું છું, આજે પણ સમજું છું. ક્યાંક કોઇ યુદ્ધ છેડાયું, કોઇ વિશ્વયુદ્ધ છેડાયું અથવા ક્યાંક દુષ્કાળ પડી ગયો અને કન્ઝયુમર આઇટમની તંગી પડી ગઇ, ભાવ વધવા લાગ્યા. ભાવ વધવા લાગ્યા તો વ્યાપારી પોતાની ભાષામાં શું કહે છે – અરે, બજાર સુધરી રહી છે, એને માટે તો બજાર સુધરી રહી છે. લોકોને તકલીફ થઇ રહી છે એ વાતનું ચિંતન નથી. મારા ઘરમાં બહુ પૈસા આવી રહ્યા છે ને !

તો બજાર સુધરી રહી છે. બધી લડાઇઓ બંધ થઇ ગઇ. હવે દુષ્કાળ નથી, સુકાળ છે ; ખૂબ ઉપજ થઇ છે તો કન્ઝ્યુમર ગુડ્ઝના ભાવ ગગડવા લાગ્યા. ભાવ ગગડવા લાગ્યા તો ઉદાસ મનથી વ્યાપારી કહે – અરે, બજાર ચોપટ થઇ ગઇ, આવી મનોવૃત્તિ છે.

વ્યાપાર કરવો કોઇ ખરાબ વાત નથી. દરેક ગ્રાહક પોતાની આવશ્યકતાની વસ્તુ ઉત્પાદક પાસે જઇને નથી ખરીદી શકતો. ઉત્પાદકે ઉત્પન્ન કરેલી વસ્તુ ગ્રાહક સુધી પહોંચાડે, એ વ્યાપારીનું કામ છે. ખરાબ નથી. એ મહેનતને માટે પોતાનું મહેનતાણું લે છે. ઉચિત નફો લે છે. કોઇ ખરાબ વાત નથી. પણ ચિત્તની ચેતન ; ચિત્તની ચેતના પ્રમુખ છે. એનાથી જ અંકાશે કે સાચેસાચ જીવનમાં શીલ ઊતરી રહ્યું છે કે નથી ઊતરી રહ્યું ? ઉપર ઉપરથી આપણી રોજી, આપણો વ્યવસાય ઠીક છે, છતાંય આપણે એનો સદુપયોગ નથી કરતાં. એને ખોટી રીતે કરી રહ્યા છીએ તો દૂષિત થવા લાગ્યો. દૂષિત થવા લાગ્યો તો આપણે સુશીલ થવાને બદલે દુઃશીલ થવા લાગ્યા. આમ, પોતાની જાતને તપાસતાં રહીશું, ડગલેને પગલે તપાસતાં રહીશું.

૧૯૬૯ થી આ બે હજાર વર્ષોથી લુપ્ત થયેલી વિપશ્યના વિદ્યા ભારતમાં આવી. શિબિરો થવા લાગી, ધર્મની ગંગા છે. પ્રત્યેક સ્તરના લોકો આવે છે, બધા વ્યવસાયના લોકો આવે છે, હરેક સમાજના લોકો આવે છે, દરેક સંપ્રદાયના લોકો આવે છે આવવા જ જોઇએ. ધર્મની ગંગા છે ને ! જે આવે એની તૃષા છિપાવશે. તે એ વાત નહિ જુએ કે આ મારું જલ પીનારી વ્યક્તિ આ નામની છે કે પેલા નામની ; આ ગોત્રની છે કે પેલા ગોત્રની ; આ વર્ણની છે કે પેલા વર્ણની. જે પીએ એની તૃષા છીપે. તો લોકો આવે છે. વ્યાપારી વર્ગના લોકો પણ આવે છે. અને અમારી સામે પોતાની કઠણાઇઓ કહે છે – શું કહીએ, આખે આખા દેશની કેવી હાલત છે, શાસનતંત્રની શી હાલત છે. તમે કહો છો કે પ્રામાણિકતાથી વ્યાપાર કરો. કેમ કરીએ ? ઠેર ઠેર ભ્રષ્ટાચાર છે, કેમ કરીએ ?

જોઇએ છીએ અમે પણ , ખરેખર ખરાબ હાલ છે દેશના! વ્યાપારી વર્ગ પણ દૂષિત છે. આ શાસન કરનારા અધિકારી પણદૂષિત છે. આ રાજનેતા પણ દૂષિત છે. બધા નહિ પણ અધિકાંશ એવા છે તો શું કરવું ? ત્યારે એમને કેવળ એક વાત સમજાવીએ છીએ કે ગમે તેટલી લાંચ–રૂશ્વતની બદી હોય પણ એક કામ તો તમે કરી જ શકો છો – એ સમજીને રાખો કે તમારા ઘરમાં જે પૈસા આવે છે તે તમારા ગ્રાહકના ખિસ્સામાંથી આવે છે. તો ગ્રાહક તમારો અન્નદાતા છે. પોતાના અન્નદાતાને ભૂલથી પણ દગો ન દેશો. એને જે માલ દઇ રહ્યા છો એની ક્વોલિટી (ગુણવત્તા) માં, એની ક્વૉંટિટી (જથ્થા)માં એના માપમાં, એના તોલમાં કદી દગો ન દેશો. કદિ કોઇ ભેળસેળની ચીજ કોઇને ન દેશો. આ તો કરી શકો છોને ? એટલા એટલા ધર્મવાન બનીએ. અરે, એક ડગલું તો ભર્યું ધર્મનું ! અને પછી ધન કમાઓ છો, ધન કમાવું એ કોઇ ખરાબ ચીજ નથી. ગૃહસ્થે હાથ ફેલાવીને માગવું એ ખરાબ વાત છે. જેમકોઇ ગૃહત્યાગીનું ધનવાન થઇ જવું (એ) બૂરી વાત છે એવી રીતે કોઇ ગૃહસ્થનું કંગાળ થઇ જવું ખરાબ વાત છે. પોતાના પરિશ્રમથી, પોતાની પ્રામાણિકતાથી ધન કમાય. પણ ધન આવશે ને અહંકાર જાગશે. હું કમાયો. જો, હું કેટલો હોંશિયાર અને હું મોટો ધર્મવાન ! તો અહંકાર આવશે અને (એ) મુક્તિથી દૂર ચાલ્યો જશે. આ અહંકારને દૂર કરવાને માટે જ કમાય છે એનો થોડોક હિસ્સો સમાજમાં વહેંચ. પુરાણી ભાષામાં કહેતા – સમવિભાગ કર. એટલે કે દાન કર.

તો આ બે વાત જો ગૃહસ્થ શીખી લે તો એની સમ્યક્ આજીવિકાનો રસ્તો શરૂ થઇ ગયો. આરંભ થઇ ગયો. એ ધીરે ધીરે આગળ વધતો જશે. આ ત્રણે ત્રણ **सम्मावाचा**, **सम्माकम्मन्तो**, **सम्माआजीवो** હોય તો સમજો કે ધર્મનું પહેલું અંગ – આપણું શીલનું અંગ પુષ્ટ થઇ રહ્યું છે. આગળ વધતાં વધતાં બાકીના અંગોને પણ પુષ્ટ કરીશું અને મંગલ સાધી લઇશું. ખૂબ મંગલ સાધી લઇશું. અરે, શુદ્ધ ધર્મના રસ્તે જે ચાલે, જે પણ ચાલે એના જીવનમાં મંગલને મંગલ જ. એના જીવનમાં કલ્યાણને કલ્યાણ જ. એના જીવનમાં સ્વસ્તિને સ્વસ્તિ જ. એના જીવનમાં મુક્તિને મુક્તિ જ.

**કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**

## ધમ્મ અંબિકા પર ધમ્મ સંમેલન

**તાઃ ૨૮-૨-૨૦૧૬, સમય : ૮-૩૦ થી ૫-૦૦**
**જૂના સાધકો માટે**
**૨૭-૦૨-૧૬ થી ૦૯-૦૩-૧૬ ના બદલે**
**૨૯-૦૨-૧૬ થી ૧૧-૦૩-૧૬ કરેલ છે.**

## ધમ્મકોટ : શિબિર તિથિ પરિવર્તન

**તા.: ૮-૧૧ થી ૧૯-૧૧-૧૫ ના બદલે**
**તા. ૭-૧૧ થી ૧૮-૧૧-૧૫ કરેલ છે.**

## દીપાવલી અને નવવર્ષ નિમિત્તે રાજકોટ ખાતે સાધકોનું સ્નેહમિલન

**દીપાવલી અને નવવર્ષ ૨૦૭૨ નિમિત્તે સાધકોનું સ્નેહમિલન નીચે મુજબ આયોજિત છે.**

**તારીખ : ૨૨ નવેમ્બર - ૨૦૧૫, રવિવાર, સવારે ૮ થી ૧૦**
**સ્થળ : માસૂમ સ્કૂલ, જ્યોતિનગર મેઇન રોડ, રાજકોટ.**

## રાજકોટ ખાતે બાળશિબિર

દર મહિનાના પહેલા રવિવારે

**રજીસ્ટ્રેશન : ૧.** માસૂમ સ્કૂલ, જ્યોતિનગર મેઇન રોડ, રાજકોટ. મો.: ૯૪૨૬૨ ૦૨૨૨૨, ૯૮૨૪૫૦૦૭૨૩

**૨.** વિભાકર નિવાસ, ભક્તિનગર સર્કલ, ધારેશ્વર મંદિર પાસે, રાજકોટ. મો.: ૯૮૨૪૨ ૮૯૪૨૩.

## કળસાર ખાતે ૧૦ દિવસીય શિબિર

ત્રિવેણીતીર્થ, કળસાર ખાતે ૧૦ દિવસીય શિબિરનું આયોજન

**તારીખ** : ૧૫-૧૧ થી ૨૬-૧૧-૨૦૧૫

**રજીસ્ટ્રેશન : ૧.** ડો. પ્રવિણ બલદાણીયા - ફોન : ૦૨૮૪૪ - ૨૮૧૪૫૦, ૨૮૧૫૮૬, મો.: ૯૯૭૯૧ ૮૬૫૮૬

**૨.** શ્રી નાગરભાઇ પટેલ - ત્રિવેણીતીર્થ, ઉત્તર બુનિયાદી વિદ્યાલય, કળસાર, તા. મહુવા, જિ. ભાવનગર. ફોન : ૦૨૪૪ - ૨૮૧૪૨૩, મો.: ૯૯૯૮૪ ૩૬૭૧૧

## કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા માં વ્યવસ્થાપક/મેનેજરની આવશ્યકતા છે

એવા પાકેલા સાધક જેમને પરિવારની જવાબદારી નથી, કે ખૂબ ઓછી છે અને જે લાંબો સમય કેન્દ્રમાં રહીને ધમ્મસેવા કરવા ઈચ્છે છે. એમને પુણ્ય પારમીઓ પુષ્ટ કરવાનો મંગલમય અવસર.

મેનેજમેન્ટ અને કોમ્પ્યુટર ના અનુભવી આવકાર્ય, એવા સાધક દંપતિઓ વધુ આવકાર્ય માનદ વેતન મળી શકશે.

**: સંપર્ક :**

૧. ગૌતમ ગોસ્વામી - મો.: ૯૯૨૫૨ ૬૬૦૪૪
૨. વિજય શાહ મો.: ૯૮૨૫૨ ૩૫૮૧૧

**ઈ-મેઇલ : dhammasindhu@hotmail.com**

**ભાવનગર વિપશ્યના કેન્દ્ર - ધમ્મપાલિ**

ગામઃ તોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર. **સંપર્ક :** **ધમ્મપાલી કેન્દ્ર :** M : 7878103636, 8905554666, 9227542910, **સિટી ઓફીસ :** Ph. 0278 - 2521066, M : 7858561616 E-mail : info@dhammapali.com

**૧૦ દિવસીય શિબિર :** 7 to 18-11 16 to 27-12, 15 to 26-01, 3 to 14-02, 9 to 20-03, 20 to 01-05, 15 to 26-06, 13 to 24-07, 27 to 07-09, 14 to 25-09, 05 to 16-10, 21 to 13-11, 16 to 27-12 - **STP :** 22-05 to 30-05-16

**સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર-ધમ્મકોટ રાજકોટ**

C/o. ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭

સંપર્ક : Ph.: 0281-2233666, M : 78 78 72 72 23, Ph.: 0281-2924942, M : 93279 23540, E-mail : dhammakot@gmail.com

**૧૦ દિવસીય શિબિર :** 7 to 18-11, 20-11 to 01-12, 16 to 27-12, 29 to 09-01-16, 17 to 28-02, 02 to 13-03, 16 to 27-03, 30 to 10-04, 13 to 24-04, 27 to 08-05, 11 to 22-05, 25 to 05-06, 08 to 19-06, 22 to 03-07, 05 to 16-07, 19 to 30-07, 31 to 11-08, 19 to 30-08, 01 to 12-09 - **STP :** 12-01 to 20-01 - **30 DAYS :** 12-01 to 12-02-16 - **20 DAYS :** 21-01 to 11-02-16

**કચ્છ વિપશ્યના કેન્દ્ર-ધમ્મસિંધુ બાડા.**

C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫, સંપર્ક : Ph.: 02834-273303, M : 78746 23305, 99256 74104

**૧૦ દિવસીય શિબિર :** 30-08 to 10-09, 13 to 24-09, 27 to 08-10, 11 to 22-10, 25-10 to 05-11, 18 to 29-12, 25 to 05-01-16, 18 to 29-12-15, 25 to 05-01-16, 17 to 28-02, 29 to 11-03, 17 to 28-04, 01 to 12-05, 15 to 26-05, 29 to 09-06, 12 to 23-06, 26 to 07-07, 08 to 19-07, 31 to 11-08, 28 to 08-09, 11 to 22-09, 25 to 06-10 - **30 DAYS :** 14-11 to 15-12-15 - **20 DAYS :** 14-11 to 05-12-15

**ગુર્જર વિપશ્યના કેન્દ્ર-ધમ્મપીઠ અમદાવાદ**

રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ. સંપર્ક : Ph.: 02714-294690, M : 94264 19397 **૧૦ દિવસીય શિબિર :** 25 to 06-12, 09 to 20-12, 23 to 03-01-16, 06 to 17-01, 20 to 31-01, 03 to 14-02, 17 to 28-02, 02 to 13-03, 16 to 27-03, 29 to 09-04 27 to 08-05, 12 to 15-05, 25 to 05-06, 08 to 19-06, 22 to 03-07 17 to 28-08, 31 to 11-09, 14 to 25-09, 28 to 09-10, 12 to 23-10 **STP :** 14-04 to 22-04-16 - **20 DYAS :** 07-07 to 28-07-16

**ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-ધમ્મ દિવાકર - મહેસાણા**

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. સંપર્ક : Ph.: 72800, 254634, 252345 M : 94292 33000

02762-272800, 254634, 252345 M : 94292 33000

**૧૦ દિવસીય શિબિર :** 09 to 20-12, 23 to 03-01-16, 20 to 31-01, 03 to 14-02, 17 to 28-02, 02 to 13-03, 16 to 27-03, 30 to 10-04, 13 to 24-04, 27 to 08-05, 11 to 22-05, 25 to 05-06, 08 to 19-06, 22 to 03-07, 06 to 17-07, 20 to 31-07, 03 to 14-08, 31 to 11-09, 14 to 25-09, 12 to 23-10, 02 to 13-11 - **STP :** 28-08 to 28-08-16 - **20 DAYS :** 21-02 to 13-03-16

**દક્ષિણગુજરાત વિપશ્યના કેન્દ્ર-ધમ્મ અંબિકા - નવસારી**

નવસારી-બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.-૮ બોરિયાચ ટોલનાકાથી 2km, વગલવાડ, તા.: ગણદેવી. સંપર્ક : Ph.: 02634-291100, 292521 Mo : 94281 60714, 98250 44536. **૧૦ દિવસીય શિબિર :** 02 to 13-12, 16 to 27-12, 30 to 10-01-16, 15 to 26-01, 03 to 14-02, 17 to 28-02, 27 to 09-03, 11 to 22-03, 30 to 10-03, 10 to 21-05, 25 to 05-06, 08 to 19-06, 22 to 03-07, 03 to 17-07, 19 to 30-07, 31 to 11-08, 01 to 12-09, 14 to 25-09, 25 to 09-10, 12 to 23-10, **- TSC :** 14 to 29-11-15 - **STP :** 15-02 to 23-02-16 - **20 DAYS :** 03-02 to 24-02-16

**ધર્મજ વિપશ્યના કેન્દ્ર - ધર્મજ**

હેમંતભાઈ પટેલ સંપર્ક : Ph.: 02697- 245460, 245302 M : 94265 00765. **૧૦ દિવસીય શિબિર :** 01 to 12-10, 20 to 01-12

**રાજકોટ** સામૂહિક સાધના : **દર રવિવાર** - સવારે ૮:૦૦ થી ૯:૦૦, **ત્રીજા રવિવાર** (સામુહીક સાધના અને ધર્મ ચર્ચા) - સવારે ૮:૦૦ થી ૯:૦૦, **સ્થળ :** માસૂમ સ્કૂલ, યુનિ. રોડ, SNK સ્કૂલ પાસે, રાજકોટ. **સોમ થી શનિ** - બપોરે ૩:૪૫ થી ૪:૪૫, સીટી ઓફીસ, ભાભા ડાયનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ. **સોમ થી શનિ** - સવારે ૭:૩૦ થી ૮:૩૦, સાંજે ૬:૩૦ થી ૭:૩૦, **સ્થળ :** કોટેચા નગર–૧, અપના બજાર પાછળ, નયન વિહારની બાજુમાં, રાજકોટ. **સોમ થી શનિ** - સવારે ૭:૩૦ થી ૮:૩૦, **સ્થળ :** વિભાકર નિવાસ, ધારેશ્વર ચોક, ભક્તિનગર સર્કલ પાસે, રાજકોટ.

**ઉના** સામૂહિક સાધના : સવારે ૬:૩૦ થી ૭:૩૦, **હરેશભાઈ જે. ટીલવાણી** ૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ, મો.: 94277 38070

**ધોરાજી** સામૂહિક સાધના : સાંજે ૬:૧૫ થી ૭:૧૫, **દિનેશભાઈ વૈષ્ણવ** કે.ઓ. શાહ કોલેજ, મો.: 99044 23024, એક દિવસીય શિબિર છેલ્લા રવિવારે, સમય : સવારે 8 થી 1

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યકિતએ ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજિયાત છે.**

**દર મહિનાના પહેલા રવિવારે સવારે ૯-૧૫ થી ૧૧-૦૦ કલાક બાળકો માટેની ‘‘આનાપાન’’ શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ.**

## દોહા ધરમના

શીલ વિહારી હૈ વહી, સદાચાર-ચુત હોય ।
કાયા વાણી ચિત્ત કે, કર્મ ન દૂષિત હોંય ॥

સરિતા શીતલ શીલ કી, વાણી કાય સમાય ।
માનવ જીવન ધન્ય હો, મંગલ સે ભર જાય ॥

જો ચાહે અપના કુશલ, જો ચાહે સુખ મીત ।
રાખ સદા સંયત વચન યહી શાંતિ કી રીત ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

વાણી અમૃત રસ ભરી, વાણી કુટિલ કૃપાણ ।
મીઠી કડવી વાણિંયા સુખ કી દુઃખ કી ખાન ॥

અકુશલ કર્મો સે બચે, કુશલ હોંય સબ કામ ।
પાએ પદ નિર્વાણ કા, જહાં ન દુઃખ કા ધામ ॥

હો સમ્યક આજીવિકા, હોવે કુશલ પ્રવીણ ।
કર્મઠ હોવે કર્મરત, તો ના હોવે દીન ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ‘‘મુક્તિરામ કોમ્પ્લેક્ષ’’, રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 27 ઓક્ટોબર 2015** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-

‘વિપશ્યના’ Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

**Weighs less than 30 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**

ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org